સંજય દત્તનો રિવ્યૂ પિટિશન નહીં

મુંબઇ,તા. ૨૮

બોલિવુડના સુપરસ્ટાર અભિનેતા સંજય દત્તે કહ્યું છે કે તે વર્ષ ૧૯૯૩ના મુંબઇ સિરિયલ બ્લાસ્ટ કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાને સ્વીકારશે. સંજયદત્તે એમ પણ કહ્યું હતું કે તે કોઇ રીવ્યુ પિટીશન કરનાર નથી. સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલી મહેતલની અંદર કોર્ટમાં શરણાગતિ સ્વીકારી લેશે. સંજયદત્તે મીડિયા સાથેની વાતચીત દરમિયાન પોતાની ઇચ્છા રજુ કરી હતી સાથે સાથે વાતચીત દરમિયાન તે ભાવનાઓ પર કાબૂ રાખી શક્યો ન હતો અને રડી પડ્યો હતો. તેની સાથે તેની બહેન પ્રિયા દત્ત પણ હતી. સંજયદત્ત વાતચીત વચ્ચે ઉભો થઇને જતો રહ્યો હતો.

સંજયદત્તને શસ્ત્રો રાખવા બદલ આર્મ્સ એક્ટ હેઠળ દોષિત જાહેર કરીને પાંચ વર્ષની જેલની સજા કરવામાં આવી હતી. સંજયદત્તના આજના નિવેદનથી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો છે. વર્ષ ૧૯૯૩માં બ્લાસ્ટ થયા ત્યારે સંજયદત્ત પાસે હથિયારો હતા. દત્તે એમ પણ કહ્યું હતું કે તે કોઇ રિવ્યુ પિટીશન આ કેસમાં દાખલ કરનાર નથી. તે સુપ્રીમ કોર્ટ માટે સર્વોચ્ચ સન્માન ધરાવે છે. તેના પર લાદવામાં આવેલી તમામ શરતોને તે પાવસે. સંજયદત્તે કહ્યું હતું કે તેને ચાહકો તરફથી જે ટેકો મળ્યો છે તેન માટે તમામનો આબાર માને છે. સંજયદત્તે કહ્યું હતું કે તે ઘણુ કામ બાકી છોડીને જશે. તે તેના પરિવાર સાથે સમય ગાળા ચુક્યો છે.જ્યાં સુધી શરણાગતિ ન સ્વીકારે ત્યાં સુધી શાંતિથી રહેવા દેવાની સંજયદત્તે તમામને અપીલ કરી હતી. સંજયદત્તે કહ્યું હતું કે તે તેના દેશ અને લોકોને ખુબ પસંદ કરે છે. પત્રકારો સાથે વાતચીત કરતી વેળા સંજયદત્ત રડી પડ્યો હતો. તેના નિવાસસ્થાને હાજર રહેલી પ્રિયા દત્તે તેને ટેકો આપ્યો હતો. ગયા સપ્તાહમાં સુપ્રીમ કોર્ટ દ્વારા સજા ફટકારવામાં આવ્યા બાદ સંજયદત્તે પ્રથમ વખત મિડિયા સાથે વાત કરી હતી. દત્તે એમ પણ કહ્યું હતું કે તે ખુબ મુશ્કેલ તબક્કામાંથી નિકળી રહ્યો છે. તે તેના ફિલ્મોના શુટિંગને પૂર્ણ કરવાની ઇચ્છા ધરાવે છે. દત્ત કહ્યું હતું કે હાલમાં તે પોતે અને તેના પરિવારના સભ્યો ભાંગી પડ્યા છે. દરમિયાન સંજય દત્ત આજે ટીપી અગ્રવાલની ફિલ્મ પોલીસગીરીના સેટ પર પહોંચ્યો હતો. તેની જે બાકી ફિલ્મો છે તેમાં રાજુ હિરાનીની પીકે, કરણ જોહરની અંગલી અને ઝંજીરનો સમાવેશ થાય છે.

કરચોરી બદલ નોકિયાને ૨૦૦૦ કરોડની નોટિસ

નવી દિલ્હી,તા. ૨૮

આવકવેરા વિભાગે કથિત કરચોરી બદલ ફિનિસ મોબાઇલ કંપની નોકિયાને ૨૦૦૦ કરોડની નોટિસ ફટકારી છે. બીજીબાજુ નોકિયાએ કહ્યુ છે કે ભારતીય કરવેરા સાથે સંબંધિત અધિકારીઓએ ફિનિસ મોબાઇલ ફોન બનાવતી કંપનીને એક નોટિસ આપી છે. અલબત્ત દિલ્હી હાઇકોર્ટે આ માંગ પર મનાઇ હુકમ મુક્યો છે. નોકિયાએ પોતાના તરફથી રજુઆત કરતા ફરી પુનરોચ્ચાર કરતા કહ્યુ છે કે ભારત અને ફિનલેન્ડ વચ્ચે થયેલી કરવેરા સાથે સમજૂતીઓ અને સ્થાનિક કાયદાઓને સંપૂર્ણપણે પાળ્યા છે. કોઇ પણ પ્રકારની બેદરકારી રાખવામાં આવી નથી. સ્થાનિક કાયદાઓ પાળ્યા હોવા છતાં આવકવેરા વિભાગ દ્વારા આ નોટિસ ફટકારવામાં આવી છે. જાન્યુઆરી મહિનામાં આવકવેરા વિભાગે એક સર્વેની કામગીરી હાથ ધરી હતી.

નોકિયાના ખાતાબુકમાં ચકાસણી કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યુ હતુ કે ટેલિકોમ કંપનીઓએ કેટલાક ટેક્સ પેમેન્ટના મામલામાં ડિફોલ્ટની સ્થિતિ સર્જી છે. ટેક્સ સત્તાવાળાઓએ દાવો કર્યો હતો કે કરવેરા ચૂકવવા ન પડે તે માટે નોકિયા દ્વારા એકાઉન્ટિંગ મોડલમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. ફિનિસ કંપની નોકિયા ઓવાયજે પાસેથી નાણાં મેળવે છે. વર્ષ ૨૦૦૫થી સોફ્ટવેર સપ્લાય માટે પેમેન્ટ તરીકે નોકિયા ઓવાયએસ પાસેથી નાણાં મેળવે છે. એવું જાણવા મળ્યુ છે કે આ કંપનીએ ઉપરોક્ત સોફ્ટવેર પેમેન્ટના મામલે કોઇ ટીડીએસની જોગવાઇ કરી નથી. ફેક્ટરી પ્રાંગણ પર સર્વેની કામગીરી દરમિયાન ચોક્કસ મુદ્દાઓ શોધી કાઢવામાં આવ્યા હતા જેમાં જાણવા મળ્યુહતુ કે કંપનીએ ઘણા ધારાધોરણો યોગ્યરીતે પાળ્યા નથી. કંપનીએ એકાઉન્ટિંગ મોડલમાં પણ ફેરફાર કર્યા હતા. ચોક્કસ પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરા ભરવા ન પડે તે માટે ધારાધોરણ બદલી કાઢવામાં આવ્યા હતા. આવકવેરા વિભાગે ફિનિસ કંપની ભારતીય ગૌણ કંપનીની ઓફિસ અને ફેક્ટરીમાં સર્વેની કામગીરી હાથ ધરી હતી. આ કંપનીની ફેક્ટરી અને ઓફિસ શ્રીપેરામબદુર અને હરિયાણામાં ગુડગાવ ખાતે આવેલી છે.

બ્રહ્મપુત્ર નદી પર બંધ બનાવવાની ચીની યોજનાને લઈને ભારતે ચિંતા વ્યક્ત કરી

ડરબન,તા. ૨૮

અતિ મહત્વપૂર્ણ બ્રિકસ શિખર બેઠકના ભાગરૂપે વડાપ્રધાન મનમોહનસિંહે આજે ચીનના પ્રમુખ શી ચિનફિંગ સાથે વાતચીત કરી હતી. ચીનમાં નેતૃત્વ પરિવર્તન બાદ આ પ્રથમ ઉચ્ચસ્તરીય બેઠક યોજાઇ હતી. બન્ને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય અને વેપાર સંબંધો પર ચર્ચા કરવામાં આવી હતી. ચીને વાતચીત દરમિયાન બ્રહ્મપુત્ર નદી પર ત્રણ બંધ બનાવવાની યોજનાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. શી ચિનફિંગે આ મહિનાની શરૂઆતમાં ચીનના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી હતી. સર્વોચ્ચસ્તરની આ પ્રથમ બેઠકમાં તમામ મુદ્દા છવાયા હતા. સિંહ અને શી ચિનફિંગની વચ્ચે વાતચીત ૨૫ મિનિટ સુધી ચાલી હતી. બેઠક બાદ સૂત્રોએ કહ્યુ હતુ કે પાણીના મુદ્દા પર પણ ચર્ચા થઈ છે. બીજીબાજુ સિંહે ભારતીય વડાપ્રધાનને એક રાજનેતા તરીકે ગણાવીને કહ્યુ હતુ કે તેઓ ચીન અને ભારતના સંબંધોને મજબુત કરવાના મુદ્દા પર કામ કરી રહ્યા છે. એમ માનવામાં આવે છે કે સિંહે ચીનના પ્રમુખ સમક્ષ બ્રહ્મપુત્ર નદી પર ત્રણ બંધ બનાવવાની ચીની યોજનાને લઈને ભારતની ચિંતા રજુ કરી હતી. ભારત કહી ચુક્યુ છે કે આ દરખાસ્તથી ભારત આવનાર પાણીના પ્રવાહ પર અસર થશે. બીજીબાજુ ચીનની દલીલ છે કે આ કોઈ એવી યોજના નથી જેથી પાણી રોકાશે. બંને નેતાઓ વચ્ચે વાતચીત રચનાત્મક માહોલમાં થઈ હતી. દક્ષિણી ચીનના મુદ્દા પર ચર્ચા થઈ ન હતી. વાતચીત દરમિયાન વડાપ્રધાને પ્રમુખ શી ચિનફિંગને ભારત આવવાનું આમંત્રણ આપવામાં આવ્યુ હતુ અને આ આમંત્રણને સ્વીકારી લીધુ હતુ. મનમોહનસિંહની સાથે વાતચીત દરમિયાન રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શિવશંકર મેનન હતા જ્યારે શી ચિનફિંગની સાથે તેમના નવા વિદેશમંત્રી, પોલીટ બ્યુરોના સભ્યો અને સ્ટેટ કાઉન્સિલર હતા.

સિંહ અને સી ચિનફિંગ હાલમાં

ડરબનમાં બ્રિકસ શિખર બેઠકમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. દ્વિપક્ષીય બેઠક પહેલા બન્ને નેતાઓ વચ્ચે અનોપચારિક વાતચીત પણ થઈ હતી.

વડાપ્રધાને કહ્યું હતું કે તેમને તેમના પુર્વોગામી હુ જુન્તાઓ અને પૂર્વ વડાપ્રધાન વેઇની સાથે થયેલી વાતચીત અંગે માહિતી છે. આ વાતચીતને તેઓ વધારે આગળ લઇ જવા ઇચ્છે છે. શીએ ગયા સપ્તાહમાં ભારતની સાથે સંબંધો અંગે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે તેઓ મનમોહનસિંહને મળવા માટે ઉત્સુક છે. વડાપ્રધાન સિંહની બેઠક પહેલા ભારતે સ્પષ્ટતા કરી હતી કે સરહદી વિવાદ જેવી સમસ્યાઓ સુધી મર્યાદિત રહ્યા વગર સંબંધોને મજબુત કરવા ભારત પ્રયાસ કરશે. ભારત દ્વિપક્ષીય સંબંધો આડે સરહદ પર વિવાદ વચ્ચે આવે તેમ ઇચ્છુક નથી. ચીનના નવા પ્રમુખે પણ એવા જ વિચાર રજૂ કર્યા હતા. રચનાત્મક દિશામાં આગળ વધવાની વાત બન્ને દેશો કરી ચુક્યા છે. મતભેદો છતાં ચીન ભારતના સૌથી મોટા દ્વિપક્ષીય કારોબારી સહયોગી દેશ છે. નિશ્ચિચ રીતે બન્ને દેશો સાથે મળીને કામ કરવાની ક્ષમતા ધરાવે છે. શીએ છેલ્લા સમાહમાં ભારતની સાથે સંબંધ મજબુત કરવા પાંચ દરખાસ્તોનો ઉલ્લેખ કર્યો હતો. જેમાં મુખ્ય હિતોને જાળવી રાખવા અને એકબીજાની ચિંતાને દુર કરવાની વાતનો સમાવેશ થાય છે. ભારત નિખાલસ પણ માને છે કે સરહદી વિવાદને ઉકેલવાની બાબત ખુબ જટિસ છે અને આમાં સમય લાગી શકે છે. સિંહ અને શી વચ્ચેની બેઠક પર તમામની નજર રહી હતી.

એએઆઈ પાંચ વર્ષોમાં ૨૦ એરપોર્ટ તૈયાર કરવા ઈચ્છુક

તીરૂચિરાપલ્લી,તા. ૨૮

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એએઆઈ) આગામી પાંચ વર્ષમાં ૨૦ એરપોર્ટ તૈયાર કરવાની યોજના ધરાવે છે. વરિષ્ઠ અધિકારીએ આજે આ મુજબની માહિતી આપી હતી. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના વરિષ્ઠ અધિકારીઓએ માહિતી આપતા જણાવ્યું હતુ કે સંબંધિત રાજ્ય સરકારો તરફથી પૂરતો સહકાર મળી રહ્યો છે. જીકે ચોકિયાલે (એએઆઈ ઓપરેશન) કહ્યુ હતુ કે ખર્ચને લઈને શક્યતા ચકાસવામાં આવી રહી છે. સરકાર ટાયર-૨ અને ટાયર ૩ શહેરોમાં વિમાની મથકો બનાવવા ઉપર મુખ્યધ્યાન કેન્દ્રિત કરી રહ્યુ છે આવા સમયમાં આ મહત્વકાંક્ષી નીતિ ઉપયોગી સાબિત થશે. એએઆઈ દ્વારા જુદા જુદા રાજ્ય સરકારો તરફથી દરખાસ્ત ચકાસવામાં આવી રહી છે. સાથે સાથે શહેરોની ઓળખ કરવામાં આવી રહી છે. એએઆઈ બોર્ડ વધારના ટર્મિનલ બિલ્ડિંગ, અન્ય સુવિધાઓ સાથે તિરૂચિરાપલ્લી એરપોર્ટ માટે માસ્ટર યોજના ધરાવે છે. હાલમાં આ વિમાની મથકે પેસેન્જર ક્ષમતા ૪૦૦થી ૭૦૦ જેટલી છે. એડિશનલ એર ટ્રાફિક કન્ટ્રોલ ટાવરની વાત પણ ચાલી રહી છે. આગામી પાંચ વર્ષમાં એએઆઈ ૩૫ નોન મેટ્રો એરપોર્ટ સહિત ૫૮ એરપોર્ટને અપગ્રેડ અને વિકસિત કરવામાં સફળ રહેતા આ મોટી સિદ્ધિ છે. અગાઉ તિરૂચિરાપલ્લીમાં તેઓએ નવા બેરેકનું ઉદ્ઘાટન કર્યુ હતુ જે ૭૩ લાખના ખર્ચે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરીટી ફોર્સના જવાનો માટે બનાવવામાં આવ્યુ છે. સ્નિફર ડોગ માટે પણ ખાસ સુવિધા રખવામાં આવી છે.

બસપના નેતાની હત્યા મામલે પત્નિ-પુત્રોની પુછપરછ કરાઇ

નવી દિલ્હી,તા. ૨૮

બહુજન સમાજ પાર્ટીના નેતા દીપક ભારદ્વાજની ઘાતકી હત્યાના મામલે પોલીસે ઉંડી તપાસ હાથ ધરી છે. આના ભાગરૂપે પોલીસે ભારદ્વાજના પત્ની અને તેમના પુત્રોની પુછપરછ કરી છે. પોલીસના જણાવ્યા મુજબ હવે શંકાની સોય પ્રાથમિક રીતે પરિવાર તરફ જ દેખાઇ રહી છે. આ અગાઇ દિલ્હીમાં બહુજન સમાજ પાર્ટીના નેતાની હત્યાના મામલે સામેલ લોકોની કારને કબજે કરી હતી. હુમલાખોરોને ગેરકાયદે રીતે હથિયારો આપવાની શંકાના આધાર પર ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે. ૬૨ વર્ષીય ભારદ્વાજની હત્યાના સંબંધમાં પોલીસે ચાર લોકોને કસ્ટડીમાં લીધા છે. દરમિયાન ૧૨થી વધારે લોકોની પુછપરછ કરવામાં આવી ચુકી છે. દીપક ભારદ્વાજની હત્યામાં હરિયાણાના સોનિપતમાં સોપારી લઈને હત્યા કરનાર ટોળકીની સંડોવણી છે કે કેમ તેમાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે. જે સ્કોડા કારમાં હુમલાખોરો આવ્યા હતા તે કાર પર બનાવટી નોંધમી પ્લેટ હોવાની શંકા છે. પોલીસે આજે દિવસમાં આ કાર હરિયાણામાં કબજે કરી લીધી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ વિગત આપતા કહ્યું છે કે ભારદ્વાજથી અલગ રહેતી તેમની પત્નિ અને પુત્રોની પુછપરછ કરવામાં આવી ચુકી છે. જેના આધારે પણ તપાસ ચાલી રહી છે. કોઇ સંપત્તિ સાથે સંબંધિત વિવાદ હતો કે કેમ તેમાં તપાસ કરાઇ રહી છે. ભારદ્વાજ સાથે કોઇની દુશ્મની હતી કે કેમ તેમાં પણ તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ અધિકારીએ કહ્યું છે કે હત્યાના મામલે ૧૨થી વધારે લોકોની પુછપરછ કરાઇ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડાક દિવસ પહેલા નીતેશ કુંજ ફાર્મ હાઉસમાં તેમની હત્યા કરી દેવામાં આવી હતી. પોલીસ અધિકારી એમ પણ માને છે કે જે રીતે હત્યા કરવામાં આવી તે જોતા આમાં સોનિપતની ટોળકીનો હાથ હોઇ શકે છે. સોનિપતની ટોળકી સોપારી લઈને હત્યા કરવા માટે જાણીતી રહી છે. પોલીસને જે રીતે ભારદ્વાજની હત્યા કરવામાં આવી તે જોતા આ પ્રોફેસનલ લોકોનો હાથ હોઈ શકે છે તેવી શંકા દેખાઈ રહી છે.

એચડીએફસી બેંકના બેઝ રેટમાં ઘટાડો થયો

કોલકાતા,તા. ૨૮

દેશમાં બીજી સૌથી મોટી ખાનગી સેક્ટરની બેંક એચડીએફસીએ તેના બેઝ રેટ અથવા તો લઘુત્તમ ધીરાણ દરમાં ૧૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. આની સાથે જ રેટ ૯.૬ ટકા કરી દીધા છે. આરબીઆઈએ માર્ચની પોલીસી જાહેર કર્યા બાદથી એચડીએફસી પ્રથમ બેંક છે જે તેના બેઝ રેટમાં ૧૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી રહી છે.

આ બેઝમાં ઘટાડો ૩૦મી માર્ચ ૨૦૧૩થી અમલી બનાવવામાં આવશે. એચડીએફસી તેના ધીરાણદરમાં ઘટાડો કરનાર પ્રથમ બેંક બની ગઈ છે. રિઝર્વ બેંકે ૧૯મી માર્ચ ૨૦૧૩ના દિવસે તેના રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો જેથી એવા સંકેત મળી રહ્યા હતા કે આરબીઆઈ વ્યાજદરની હળવી નીતિ અપનાવવા ઇચ્છે છે. આજના બેઝ રેટના ઘટાડાની સાથે જ દેશમાં સૌથી મોટી બેંકોમાં તેનો બેઝ રેટ સૌથી ઓછો થઈ ગયો છે.

હજ યાત્રા માટેની અરજીની છેલ્લી તારીખ ૩૦મી માર્ચ

દહેરાદૂન,તા. ૨૮

આ વર્ષની હજયાત્રા માટે અરજી કરવા માટેની છેલ્લી તારીખ ૨૦મી માર્ચથી લંબવીને ૩૦મી માર્ચ કરી દેવામાં આવી છે. હજની યાત્રા પર જવા ઇચ્છુક લોકો હવે ૩૦મી માર્ચ સુધી તેમની અરજી કરી શકશે. અગાઉ આ તારીખ ૨૦મી માર્ચ નક્કી કરવામાં આવી હતી. ઉત્તરાખંડ હજ કમિટીના વડા હાજીરાવ શેરમહોમ્મદ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી હતી. તારીખ શ્રદ્ધાળુઓના ધસારાને ધ્યાનમાં લઈને વધારવામાં આવી છે. હજ યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં લઈને વધારવામાં આવી છે. અરજીદારોને પાસપોર્ટ જારી કરવાની પ્રક્રિયા વધુ સરળ બનાવી દેવામાં આવી છે. રાજ્ય હજ કમિટીના વડાએ એમ પણ કહ્યુ છે કે પોલીસ ચકાસણી અહેવાલના દિવસથી જ પાસપોર્ટ જારી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે દર વર્ષે હજયાત્રીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. વડાપ્રધાન, વિદેશપ્રધાન અને મુખ્યમંત્રીને ઘણા પત્રો લખીને શ્રદ્ધાળુઓની સંખ્યા અંગે જાણ કરવામાં આવી છે.

પંજાબમાં કુલ આઠ રેલીઓને અણ્ણા સંબોધશે : તૈયારી શરૂ

ચંદીગઢ,તા. ૨૮

ભ્રષ્ટાચારની સામે લડત જગાવીને લોકોમાં જાગૃતિ જગાવનાર સામાજીક કાર્યકર અણ્ણા હજારે ૩૦મી માર્ચથી પોતાની પાંચ દિવસની લોકશાહી યાત્રા દરમિયાન પંજાબમાં આઠ રેલીઓને સંબોધન કરશે.

જનતંત્ર મોરચાના પ્રવક્તા ગુરુદીપસિંહે કહ્યુ છે કે અણ્ણા હજારે દુર્ગિયાના મંદિર, હરમંદિર સાહિબ, રામતિરથ મંદિરમાં પ્રાર્થના કરીને પોતાની યાત્રાના પ્રથમ તબક્કામાં અમૃતસરથી શરૂઆત કરશે. ૩૧મી માર્ચના દિવસે જલિયા વાલા બાગમાં પ્રથમ જાહેરસભાને સંબોધશે. ત્યારબાદ તેઓ એ જ દિવસે કપૂરથલા અને જલંધરમાં પણ રેલી સંબોધશે. સિંહે કહ્યુ હતુ કે પહેલી એપ્રિલના દિવસે લુધિયાના અને મોગામાં અને બીજી એપ્રિલના દિવસે ભટિંડામાં રેલીનું આયોજન કરવામાં આવશે. પોતાની પંજાબ યાત્રાની સમાપ્તિ પહેલા તેઓ બરનાલા અને પટિયાલામાં પણ રેલીનું સંબોધન કરશે. તેમની યાત્રાનો મુખ્યહેતુ જનલોકપાલ બિલના મામલામાં યુપીએ સરકાર દ્વારા લોકો સાથે કરવામાં આવી રહેલા વિશ્વાસઘાતની બાબત લોકો સુધી પહોંચાડવામાં આવશે.

સ્ટાર ખેલાડી યુસુફ પઠાણે આફરીન સાથે લગ્ન કર્યા

લગ્ન કાર્યક્રમમાં ઘણા ટોચની સેલિબ્રીટી ઉપસ્થિત રહી

મુંબઇ,તા. ૨૮

ભારતીય રાષ્ટ્રીય ટીમમાંથી હાલમાં બહાર રહેલા ધરખમ ઓલરાઉન્ડર

યુસુફ પઠાણે આખરે મુંબઇમાં પારિવારિક કાર્યક્રમમાં પોતાની પરંપરા મુજબ લગ્ન કરી લીધા હતા. લગ્ન કાર્યક્રમમાં ટોચની હસ્તીઓ હાજર રહી હતી. યુસુફ પઠાણ ટીમ ઇન્ડિયા તરફથી પણ ઘણી મેચો રમી ચુક્યો છે પરંતુ હાલ ખરાબ ફોર્મમાં કારણે બહાર છે. ૩૦ વર્ષીય ક્રિકેટર યુસુફ પઠાણે ગયા વર્ષે નડિયાદમાં એક ખાનગી કાર્યક્રમમાં સગાઇ કરી લીધી હતી. યુસુફ પઠાણે આફરીન નામની યુવતિ સાથે લગ્ન કર્યા છે. આફરીન મુંબઇમાં જ ઉછરી છે. પરંત તે વડોદરામાં ફિજિયોતેરાપિસ્ટ છે. આ નિકાહ બન્નેના પરિવારોની સંમતિ સાથે થયા છે. નિકાહના પ્રસંગે અનેક મિત્રો ખાસ હાજર રહ્યા હતા. લગ્નને લઇને મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. કારણ કે અનેક ટોચની હસ્તીઓ પહોંચનાર હતી.

કોઇ પણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય તેના માટે તમામ પગલા લેવામાં આવ્યા હતા. લગ્નમાં સામેલ થવા માટે ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. યુસુફ પઠાણના લગ્નને લઇને છેલ્લા કેટલાક દિવસથી તૈયારી ચાલી રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે યુસુફ પઠાણે ભારત તરફથી ૫૭ વન ડે મેચો રમી છે. જ્યારે ૨૨ ટ્વેન્ટી-૨૦ મેચો રમી છે. વન ડે મેચોમાં યુસુફે ૮૧૦ રન બનાવ્યા છે જ્યારે ટ્વેન્ટી ક્રિકેટમાં ૨૩૬ રન બનાવ્યા છે. ટ્વેન્ટી ક્રિકેટર તરીકે તેની વધારે ઓળખ રહી છે. યુસુફની ઓળખ ચાહકોમાં એક તોફાની ખેલાડી તરીકેની રહી છે. યુસુફ પઠાણના લગ્નમાં તેનો ભાઈ ઇરફાન પઠાણ પણ ઉપસ્થિત રહ્યો હતો. લગ્ન કાર્યક્રમમાં જંગી ખર્ચ કરવામાં આવ્યો હતો. ઇરફાન અને યુસુફ બંને હાલ રાષ્ટ્રીય ટીમમાંથી બહાર છે.

સમાચાર ઝલક

- ઝારખંડમાં ૧૦ માઓવાદીઓની ઝપાઝપીમાં હત્યા.
- રાજ્યસભાના ઉપાધ્યક્ષ કુરિયનને બળાત્કાર મુદ્દે કોર્ટે નોટિસ બજાવી.
- ચાંદખેડામાં બે સગીરા પર બળાત્કારનાં આરોપીની ધરપકડ.
- આર્થિક વિકાસ વધારવા માટે સૌનો સાથ જરૂરી : વડાપ્રધાન મનમોહનસિંહ
- બનાસકાંઠામાં વરસાદના ઝાપટા પડ્યા, વાવાઝોડામાં છાપરા ઉડ્યા, વીજળી પડવાથી પશુઓનાં મોત.
- ન્યુઝીલેન્ડના ક્રિકેટર જેસી રાઇડર પર જીવલેણ હુમલો, કોમામાં ગંભીર હાલત.
- દિલ્હીમાં અરવિંદ કેજરીવાલની તબિયત બગડી.
- દક્ષિણના રાજ્યોમાં શ્રીલંકા સામે ભારે વિરોધ પ્રદર્શનો.
- અમેરિકાની સંસદમાં સમલૈંગિક લગ્ન માટેની ચર્ચા.
- રાજસ્થાનમાં સવાઇ માધોપોરમાં સામુહિક આત્મહત્યાનો મામલો વિવાદોનાં ઘેરામાં.
- નોકિયા કંપનીને ઇન્કમટેક્ષે રૂા. ૨૦૦૦ કરોડની નોટીસ ફટકારી.
- ક્રિકેટર યુસુફ પઠાણે નિકાફ પટી પ્રભુતાનાં પગલામાં માંડ્યા.
- ચોમેર વિરોધ હોવા છતાં, આશારામની અવળ વાણી યથાવત.
- મરાઠી લેખક પર બળાત્કારનો આરોપ, પોલીસ કાર્યવાહી થઇ.
- પદ્મનાભ મંદિરમાં હાથીએ મચાવ્યો આતંક.
- અફઘાનમાં આતંકી હુમલાના ભયથી હિજરત

ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

(૫) જોષી દીપલ એચ : સે-૨ થી
પ્રશ્ન - ખજુરાહો મંદિરો કયા શાસકોએ બાંધ્યા હતા?
જવાબ - ચંદેલ શાસકોએ

● આ સપ્તાહનો સવાલ...?

તાજેતરમાં કયા પક્ષે કેન્દ્ર સરકારમાંથી પોતાનો ટેકો પાછો ખેંચી લીધો?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

● સાચા જવાબો :-

૬ (૫) ૫ (૪) ૫ (૩) ૬ (૨) ૬ (૧) ૫ (૨) ૬ (૩) ૫ (૪) ૬ (૫) ૫ (૬) ૫ (૭) ૬ (૮) ૫ (૯) ૬ (૧૦)